રાજ્યના ૨૦૨ પૈકી ૯ જળાશયો સંપૂર્ણ ભરાયા

મેઘતાંડવથી બનાસકાંઠામાં ૮ના મોત

તોફાની વરસાદમાં ૧૦૦થી વધુ પશુઓના તણાઈ જતા મોત : ૮ હજાર લોકો ફસાયા : અમદાવાદ-વડોદરાની ડીઝાસ્ટર મેનેજમેન્ટની ટીમો રબરબોટ અને હેલીકોપ્ટર સાથે બનાસકાંઠામાં બચાવ કામગીરીમાં જોડાઈ : પાલનપુર સહિત મોટા ભાગના તાલુકામાં ૨૦ કલાકથી વીજળી ડુલ

પાલનપુર, તા. ૨૮

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકથી મેઘ તાંડવ થઈ રહ્યું છે. સુસવાટા મારતા પવનો અને ધોધમાર વરસાદે જિલ્લાના જનજીવન પર માઠી અસર કરી છે. તોફાની વરસાદને લીધે જિલ્લાભરમાં ૧૦૦થી વધુ પશુઓ અને કુલ ૮ લોકોના મોત થયા છે. જ્યારે ૮ હજારથી વધુ લોકો પાણીમાં ફસાયા હોવાની વિગતો મળી રહી છે. જેને બચાવવા જિલ્લા વહીવટીતંત્ર સહિતનું સરકારી તંત્ર કામે લાગી ગયું છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યભરમાં છેલ્લા ચાર દિવસથી ભારેથી અતિ ભારે વરસાદ પડી રહ્યો છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં વરસાદની ભારે અસર વર્તાઈ રહી છે. છેલ્લા ૨૪ કલાકથી સુસવાટા મારતા તોફાની પવન સાથે વરસાદ પોતાનું રોદ્ર સ્વરૂપ બતાવી રહ્યો છે. જિલ્લાભરમાં આ વરસાદની અસર દેખાઈ રહી છે. વરસાદને પગલે બનાસકાંઠા જિલ્લામાં ૧૦૦થી વધુ પશુઓના મોત અને અસંખ્ય વૃક્ષો ધરાશાયી થઈ ગયા છે. જ્યારે ધાનેરામાં ૩, કાંકરેજમાં ૧, ડીસામાં ૧, સુઈગામમાં ૧ અને વાવમાં ૧ નું પાણીમાં તણાઈ જતા મોત નીપજ્યું હતું. જ્યારે સુઈગામ, ગરાબડી, કતાવ અને મોરવાડા સહિતના ગામોમાં ૮ હજાર જેટલા ગ્રામજનો પાણીના પ્રવાહમાં ફસાયા છે. ફસાયેલા ગ્રામજનોને બચાવવા વડોદરા અને અમદાવાદની ડીઝાસ્ટર મેનેજમેન્ટ ટીમો તુરંત દોડી આવી બચાવ કામગીરી હાથ ધરી છે. ડીઝાસ્ટર મેનેજમેન્ટની ટીમ રબર બોટ અને હેલીકોપ્ટરની મદદથી લોકોને પાણીમાંથી બચાવી રહ્યા છે.

બીજી બાજુ પાલનપુર સહિત મોટા ભાગના તાલુકાઓમાં છેલ્લા ૨૦ કલાકથી વીજ પુરવઠો સંપૂર્ણપણે બંધ થઈ જતાં રહિતો પરેશાન થઈ ગયા છે. અને વૃક્ષો, હોર્ડિંગ્સ , માર્ગો તુટી જતા વાહન વ્યવહારને પણ મોટી અસર થવા પામી છે. પરિણામે ઠેર ઠેર ટ્રાફિકજામની સમસ્યા જોવા મળી હતી. આ મેઘતાંડવને પગલે બનાસકાંઠામાં વધુ નુકશાન થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસ તંત્ર પણ વહેલી સવારથી જ બચાવ કામગીરીમાં લાગી ગઈ છે.

અબ્દુલ કલામના નિધન પર શોક વ્યક્ત કરતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને પ્રખ્યાત વૈજ્ઞાનિક ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામના દુઃખદ નિધન પર ઊંડા દુઃખ અને આઘાતની લાગણી વ્યક્ત કરી હતી.

રાજ્યપાલશ્રીએ શોક સંદેશમાં જણાવ્યું હતું કે જીવનપર્યંત રાષ્ટ્રહિતને જીવનમંત્ર બનાવી કાર્યરત રહેલા ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામના નિધનથી રાષ્ટ્રને ન પુરાય તેવી ખોટ પડી છે. ભારતરત્નથી સન્માનિત ડૉ. કલામનું સાદગીભર્યું જીવન તથા તેમની રાષ્ટ્રની પ્રગતિ માટેની ખેવના આપણા સૌને નિરંતર પ્રેરણા પ્રદાન કરતી રહેશે.

ઈશ્વર તેમની આત્માને ચિરશાંતિ પ્રદાન કરે તેવી રાજ્યપાલશ્રીએ પ્રાર્થના કરી છે.

સ્વામી પુરુષોત્તમદાસજીનું સિર્કાકસના મેયર દ્વારા ભવ્ય સ્વાગત કરાયું

ગાંધીનગર, તા. ૨૮

શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીજી મહારાજ, યુ.કે., કેનેડાથી યુ.એસ.એ. શિકાગો, મીડ એટલાન્ટિક, મીડ ઈન્ટના વિસ્તારોમાં વિચરણ કરી સિકાર્કસ શ્રી સ્વામિનારાયણ મંદિર પધારતા સિર્કાકસ ટાઉનના મેયર મિ. માઈકલ ગનેલીએ સ્વાગત કર્યુ હતુ.

સિર્કાકસના મેયર મિ. ગનેલીએ ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે પ.પૂ. આચાર્યસ્વામીજી મહારાજ સંત મંડળ સહિત અમારા ટાઉનમાં પધારતા અમો આનંદ અનુભવીએ છીએ અને સમગ્ર ટાઉન વતી પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજને આવકારીએ છીએ. શ્રી સ્વામિબાપા પાઈપ બેન્ડે પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજને ગાર્ડ ઓફ ઓનર આપ્યું હતું.

આવતીકાલે ભાજપાની પ્રદેશ બેઠક

ગાંધીનગર, તા. ૨૮

પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુની અધ્યતામાં અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પરશોત્તમભાઈ રૂપાલા, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી શ્રી વી. સતીષજીની ઉપસ્થિતિમાં આવતીકાલે પ્રદેશ બેઠક યોજાશે.

પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્' ખાતે યોજાનારી આ પ્રદેશ બેઠકમાં પ્રદેશ હોદ્દેદારશ્રીઓ, મોરચાના પ્રદેશ પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, જિલ્લા-મહાનગરના પ્રભારીશ્રીઓ, જિલ્લા-મહાનગરના પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, બોર્ડ-નિગમના ચેરમેન-વાઈસ ચેરમેન, જિલ્લા પંચાયતના પ્રમુખ ઉપપ્રમુખ-કારોબારી ચેરમેનશ્રીઓ, મહાનગરના મેયરશ્રી-ડેપ્યુટી મેયરશ્રી-સ્ટેન્ડીંગ કમીટી ચેરમેનશ્રી તથા પ્રદેશના આગેવાનો ભાગ લેશે.

શ્રી જાડેજાએ ઉમેર્યું હતું કે, આ બેઠકમાં મહાસંપર્ક અભિયાન ઉપરાંત આજીવન સહયોગ નિધિ, પક્ષ દ્વારા નક્કી થયેલા આગામી કાર્યક્રમો તથા સંગઠનાત્મક બાબતોની ચર્ચા-વિચારણા હાથ ધરાશે અને મહાનુભાવો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

રાજ્યના ૨૦૨ પૈકી ૯ જળાશયો સંપૂર્ણ ભરાયા

ગાંધીનગર, તા.૨૮

રાજયના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ રાજયમાં સાર્વત્રિક વ્યાપક વરસાદને કારણે આજે તા. ૨૮/૦૭/૨૦૧૫ના રોજ સવારે ૮-૦૦ કલાકની સ્થિતિએ રાજયના કુલ ૨૦૨ જળાશયો પૈકી સૌરાષ્ટ્ર રીજીયનના ૧૩૭ જળાશયોમાંથી ૩, કચ્છ રીજીયનના ૨૦ જળાશયો પૈકી ૪, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયો પૈકી ૧ અને દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયો પૈકી ૧ જળાશય એમ કુલ ૯ જળાશયો સંપૂર્ણ ભરાયા છે. અન્ય ૧૭ જળાશયો હાઈ એલર્ટ અને ૧૦ જળાશયો એલર્ટ જાહેર કરાયા છે. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના સરદાર સરોવર ડેમ ૧૨૦.૭૨ મીટરની સપાટીએ પહોંચ્યો છે.

૧૭ જળાશયો હાઈ એલર્ટ અને ૧૦ એલર્ટ જાહેર
સરદાર સરોવરની જળ સપાટી ૧૨૦.૭૨ મીટર

વધુમાં સંપૂર્ણ ભરાયેલા જળાશયોમાં દાહોદ જિલ્લાનું ઉમરીયા, તાપી જિલ્લાનું દોસવાડા, કચ્છ જિલ્લાના નિરૂના, કૈલા, કસ્વાતી અને ફતેહગઢ તેમજ અમરેલી જિલ્લાના ધાતરવાડી, વાડિયા અને સાંકરોલીનો સમાવેશ થાય છે. ૯૦ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થતાં હાઈ એલર્ટ જાહેર કરેલા જળાશયોમાં ભરૂચ જિલ્લાનું બલદેવા, દાહોદનું પાટડુંગરી અને ઉમરીયા, તાપી જિલ્લાના દોસવાડા, કચ્છ જિલ્લાના નિરૂના, કૈલા, કસ્વાતી, માથલ અને ફતેહગઢ, અમરેલી જિલ્લાના ધાતરવાડી, વાડિયા, સાંકરોલી અને સૂરજવાડી, તેમજ ભાવનગર જિલ્લાના રોજકી અને શેત્રુંજી, મોરબી જિલ્લાનું ઘોડાદ્રોઈ અને રાજકોટ જિલ્લાના સુરવોનો સમાવેશ થાય છે.

રાજયમાં ૮૦ થી ૯૦ ટકા ભરાયેલા ૧૦ જળાશયોને એલર્ટ જાહેર કરાયા છે. જેમાં કચ્છ જિલ્લાનું સુવી, અમરેલીનું વાડી, ભાવનગરનું હમીરપરા, જામનગરનું ફોફલ-૨, ગીર સોમનાથ જિલ્લાનું રાવલ, રાજકોટ જિલ્લાનું કબીર સરોવર, વચ્છાપરી, આજી-૨ અને ન્યારી-૨ તેમજ સુરેન્દ્રનગર જિલ્લાનું ધોળીધજા જળાશયોનો સમાવેશ થાય છે. અન્ય ૯ જળાશયો ૭૦ ટકાથી વધુ ભરાતા સામાન્ય ચેતવણી પૂર નિયંત્રણ કક્ષ દ્વારા અપાઈ છે. જયારે અન્ય ૧૬૬ જળાશયોમાં ૭૦ ટકાથી નીચે જળસંગ્રહ થયો છે.

વિધાનસભાનું ચોમાસુ સત્ર પાંચ દિવસનું બોલાવવું જોઈએ : શંકરસિંહ વાઘેલા

કલામ સાથે મારા વ્યક્તિગત રીતે ખુબ જ સારા સંબંધ હતા

અમદાવાદ, તા.૨૮

ભારતના મિસાઈલમેન, પદ્મ, પદ્મભૂષણ અને ભારતરત્ન એવા પૂર્વ રાષ્ટ્રપતિ એ પી જે અબ્દુલ કલામનું ગઈકાલે રાત્રે દુઃખદ નિધન થયું. તેઓને શ્રદ્ધાંજલિ પાઠવતાં ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ગઈકાલે રાત્રે પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.એ.પી.જે અબ્દુલ કલામના નિધનના સમાચાર મળ્યા. તેમની સાથે મારા વ્યક્તિગત બહુ સારા સંબંધો હતા.

હું જ્યારે કાપડમંત્રી હતો ત્યારે નિફટના કાર્યક્રમમાં હેન્ડીક્રાફટ - હેન્ડલુમના કારીગરોને તેમના હાથ ઈનમો અપાવ્યા હતાં. હમણાં હું દિલ્હી ગયો હતો ત્યારે મારી કોલેજના એન્જિનિયરિંગ અને ફાર્મસીના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે હું તેઓને આમંત્રણ આપવા ગયેલ હતો, જો તેઓ હયાત હોય તો જરૂર આ કાર્યક્રમમાં હાજરી આપત. ગ્રુપ ટીચીંગ માટે તેઓ લાઈફ ટાઈમ ટીચર હતાં. કોમનમેન કરતાં પણ નીંચુ પાત્ર હોય એટલા બધા તેઓ નિરાભીમાની હતા. તેઓ પ્લેનમાં જવા માટે કે અન્ય કોઈ કારણોસર લાઈનમાં ઉભા હોય ત્યારે પૂર્વ રાષ્ટ્રપતિ હોવાના નાતે લોકો તેમને આગળ લઈ જવા પ્રયત્ન કરે તો પણ તેઓ તેનો ખુબ નમ્રતાપૂર્વક પ્રેમથી આભાર માની તેનો અસ્વીકાર કરતા. નોનો પોલીટીકલ હોવા છતાં સર્વ પોલીટીકલ પાર્ટીઓની સંમતિથી રાષ્ટ્રપતિના પદ સુધી પહોંચેલા ડૉ.અબ્દુલ કલામ સાહેબને મારી હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ પાઠવું છું.

વાઘેલાએ પત્રકારમિત્રો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આગામી ગુજરાત વિધાનસભાનું ચોમાસું સત્ર આગામી તા. ૨૯-૮-૨૦૧૫ના રોદજ મળનાર છે. તે કમ-સે-કમ પાંચ દિવસનું બોલાવવું જોઈએ. જો સરકાર પાસે મુદ્દા ન હોય તો વિરોધપક્ષ પાસે પ્રજાહિતના અનેક મુદ્દા છે, જે આપીશું. ભાજપ સરકારે વિધાનસભા ગૃહની ચર્ચાથી દુર ભાગવું ન જોઈએ. એમાંય એક જશે.બાકી રહ્યો દોઢ દિવસ. તેમાંય છેલ્લો દિલસ સવારનું સત્ર હશે. એટલે માત્ર એકાદ દિવસ માંડ ધારાસભ્યને ચર્ચા માચે મળશે. ખરેખર હકીકતમાં તો પ્રજાના પ્રશ્નોને વિધાનસભામાં જે વાચા મળવી જોઈએ, વજન મળવું જોઈએ, તે વજન મળતું નથી. વાઘેલાએ જણાવ્યું હતું કે, બહુમતીના જોરે ફરજિયાત મતદાનના બીલને કાયદો બનાવી શકાય અને ગર્વનર પમ તેના પર મત્તું મારી શકે.

તાજેતરમાં પાટીદાર સમાજ દ્વારા અનામતના મુદ્દે ચાલી રહેલ આંદોલન અને વિસનગરમાં બનેલ બનાવ વિશે પ્રતિક્રિયા આપતા વાઘેલાએ જણાવ્યું હતું કે, આ ધરતીપુત્રો શા માટે રોડ ઉપર આવી ગયા એમની અનામતની માંગણી હોય તો પણ તેના વિશે તેમને સહાનૂભૂતિપૂર્વક સાંભળવા જોઈએ, ધરતીપુત્રો પ્રત્યે ઉદાર વલણ રાખવાના બદલે ભાજપની સરકારે તેમના ઉપર લાઠીચાર્જ, ટીયરગેસ અને ફાયરીંગ પણ કર્યા, તેથી વધારે બીજુ દુઃખદ શું હોઈ શકે. તેમ અંતમાં વાઘેલાએ જણાવ્યું હતું.

ખેડબ્રહ્મા શહેરમાં વહેલી સવારે સ્ટ્રીટ લાઈટો બંધ કરી દેવાતા આક્રોશ

ખેડબ્રહ્મા, તા. ૨૮

ખેડબ્રહ્મા શહેરમાં નગરપાલિકા દ્વારા વિકાસ કાર્યોમાં શહેરના રસ્તાઓ પર સ્ટ્રીટલાઈટો લગાડવામાં આવેલ છે. પણ તે વહેલી સવારે બંધ કરી દેવામાં આવતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા ઉન્ડવાથી સાઈનાથ હોટલ, કોલેજથી વાસણા અને પેટ્રોલપંપથી રેલવે સ્ટેશન થઈ કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર સુધી લોકોની સુધી લોકોની સુવિધા માટે સ્ટ્રીટલાઈટો લગાવવામાં આવી છે. પરંતુ વહેલી સવારે અજવાળુ થાય તે પહેલા જ લાઈટો બંધ કરી દેવામાં આવે છે. વહેલી સવારે દૂધ લેવા આવતા લોકો, સવારના અંધારામાં ટ્યુશન અને સ્કૂલ જતા બાળકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. અંધારામાં કાદવમાં પડવાના બનાવો બનતા રહે છે. ખેડબ્રહ્માના રહીશ નયનભાઈ મોદીના જણાવ્યા અનુસાર નગરપાલિકા મોટા વેરા વસુલે છે પણ સામે નગરજનોને વળતર આપતી નથી. સરદાર પટેલ રોડ અને ઓમનગરી વિસ્તારમાં છેલ્લા દસ દિવસથી સ્ટ્રીટ લાઈટો બંધ છે. વારંવાર રજુઆત કરવા છતાં કોઈ જ પગલા લેવામાં આવતા નથી.

શબ્દાવલી - ૫૮૦૨

૧	૨	૩		■	૪	૫	૬
૭			■	૮			
૯		■	૧૦			■	■
૧૧		■	૧૨			૧૩	૧૪
	■	૧૫		■	■	૧૬	
૧૭				૧૮	■	■	
■	■		■	૧૯	૨૦	૨૧	
૨૨			■	૨૩			■

આડી ચાવી

૧. શોક કે વિરોધ દર્શાવવા કામ ધંધો બંધ કરવો તે (૪)
૪. છીંકણી, સુંઘણી (૩)
૭. વાંચનાર (૩)
૮. કીડા કે જીવડાથી તળે ઉપર થાય તેવું (૪)
૯. એને (ભોજપુરી જેવી ભાષામાં) (૨)
૧૦. સંરક્ષણ, ગુપ્ત રાખવું તે(૩)
૧૧. પાણીની સરવાણી, નાનું ઝરણું(૨)
૧૨. બાતમી મેળવનાર ખાતુ(૫)
૧૫. રાજન, પ્રજાના પાલક (૫)
૧૬. ડોકી, ગળુ (૨)
૧૭. આંખમાં આંસુ ના આવે પણ આંખ પાણીથી ભરાઇ જાય તે(૫)
૧૯. 'છોનહાર' શબ્દ આડો અવળો (૪)
૨૨. રક્ત વાહિની (૩)
(૨૩) ઠક્કા મશ્કરી (૩)

ઊભી ચાવી

૧. વિમાન, બલૂન (૬)
૨. 'ડચ' જેવો અવાજ કરવો (૪)
૩. લાગ, મોકો (૨)
૪. નામોશી (૪)
૫. જયારે, હિન્દીમાં.... (૨)
૬. કેન્સલ (૨)
૮. માલનું ખપી જવું, માલ વેચાઇ જવો (૩)
૧૦. અધકરરું, ગુંચવાયેલું કાર્ય (૪)
૧૩. ... ખોદે તે પડે (કહેવત)(૨)
૧૪. ખોટ, ગેરફાયદો (૪)
૧૫. પાટનગર, કેપિટલ સિટી (૪)
૧૮. ... કરીને પડો ફતેહ છે આગે (૩)
૨૦. છુટ્ટી રવિવાર... નો દિવસ(૩)
૨૧. હાકલ, મોટેથી અવાજ આપવો (૨)

શબ્દાવલી ૫૮૦૧ના જવાબ

આડી ચાવી :- (૧) પકડદાવ (૫) હિના (૭) પડકરા (૮) જણસ (૯) અનુપમ (૧૧) હું (૧૨) નતજ (૧૩) ઝલક (૧૫) બવાસીર (૧૭) ખલાસ (૨૦) કાસ (૨૧) ખખડધજ (૨૩) રનવે (૨૪) પકવાન

ઊભી ચાવી :- (૧) પથ્થી (૨) ડકાર (૪) દાટ (૫) હિણપત (૬) નાસમજ (૮) જનુન (૧૦) હલવાસન (૧૩) ઝબકાર (૧૪) કસી (૧૬) રખ (૧૭) ખડક (૧૮) લાઘવા (૧૯) ખપ

ક્યાં-ક્યાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

- માર્ગ પર આડશ બનેલા વૃક્ષોના લીધે ટ્રાફિક જામના દ્રશ્યો.
- માર્ગ પર મુકાયેલા બેરીકેટસ પણ અદ્રશ્ય
- સે-૨૨ સત્યમ સોસાયટીમાં લીમડાનુ ઝાડ તુટી પડયુ.
- પથિકાશ્રમ રીક્ષા સ્ટેન્ડ પાસે વડનુ વૃક્ષ ધરાશાયી થયુ
- ચરેડી છાપરામાં નીલગીરીના ૩૭ વૃક્ષો ધરાશાયી થયા
- સે-૨૩ એસ કે પટેલ કોલેજ પાસે ઝાડ પડતા વિદ્યાર્થીને ઈજા
- ગાંધીનગર સમાચારના કાર્યાલય પાસે બે વૃક્ષો તુટયા
- સે-૭ માં શોપિંગ સેન્ટર પાસે પીપળના વૃક્ષ ધરાશાયી થતા વેપારીઓમાં દુખની લાગણી.
- શહેરના આડા ઉભા માર્ગો પર વૃક્ષો પડવાથી બ્લોક થયા
- મુળિયાથી ઉખડેલા વૃક્ષો જોઈને નાગરિકો હતપ્રભ બન્યા
- માર્ગ પરથી પસાર થતા રાહદારીઓ કેટલાક કિસ્સામાં વૃક્ષો પડતા પલવાર માટે બચી ગયા
- સેકટરોના આંતરિક માર્ગ પર અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થતા રસ્તાઓ બ્લોક થયા
- રાજભવનમાં પણ વૃક્ષો જમીન દોસ્ત થયા
- સેકટરોમાં ઘરઆંગણે ઉછેરેલા વૃક્ષો ધરાશાયી થતા વસાહતીઓની લાગણી દુભાઈ
- વૃક્ષો જમીનને પટકાતા નાગરિકોએ વૃક્ષો આસપાસ જવાનુ ટાળ્યુ.
- માર્ગ પર આડશ બનેલા વૃક્ષોને દુર કરવા વન વિભાગની ટીમ યુધ્ધના ધોરણે કામે લાગી.
- વૃક્ષોની સાથે કેટલાક ઠેકાણે લગાવાયેલા હોર્ડીંગ્સ પણ નમી પડયા.

વૃક્ષો ધરાશાયી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોબા ગાંધીનગર માર્ગ પર પણ સેંકડો વૃક્ષો ધરાશાયી થયા હતા. ઠેર ઠેર વૃક્ષો આડશ બનતા કેટલાક ઠેકાણે ટ્રાફીક જામના દ્રશ્યો સર્જાયા હતા. વરસાદમાં હરિયાળા વૃક્ષોનુ નિકંદન વળતા નગરજનોમાં પણ આ બાબત ખેદ સાથે ટોક ઓફ ધ ટાઈન બની હતી.

ગાંધીનગરમાં આજે વરસાદી વાયરો વૃક્ષો માટે અત્યંત ઘાતક પુરવાર થયો હતો. નગરના ઈતિહાસમાં પ્રથમવાર સેંકડો વૃક્ષોનો ભોગ લેવાયો હતો. ગઈકાલ રાત્રિથી ૪ થી ૫ કીમી ની ઝડપે ઉપરથી નીચે તરફ ફુંકાતા પવનના લીધે ગ્રીન સીટીમાં વૃક્ષોનો સોથો વળી ગયો હતો. નગરમાં નજર નાંખો ત્યાં વૃક્ષો જમીનદોસ્ત થયેલા નજરે પડતા હતા.વરસાદી વાયરો વૃક્ષો માટે આફત બનતા હરિયાળીનો સોથો વળી ગયો હતો. શહેરના આડા રસ્તાઓ પર વૃક્ષો વિશેષ પ્રમાણમાં પડયા હતા. જયારે વરસાદની સાથે વૃક્ષો પડવાથી નગરનુ જનજીવન પણ અસ્ત વ્યસ્ત બની થઈ ગયુ હતુ. આ સ્થિતિના લીધે વાહન વ્યવ્હાર પણ ખોરવાઈ ગયો હતો. નગરના મુખ્ય માર્ગો પણ થોડા સમય માટે બ્લોક થઈ ગયા હતા જયારે સેકટરોના આંતરિક માર્ગો પણ વૃક્ષો પડવાથી વાહન વ્યવ્હાર બંધ થઈ ગયો હતો. શહેરીજનોએ આંગણામાં ઉછેરેલા વૃક્ષો પણ વરસાદી વાયરાનો ભોગ બન્યા હતા. શહેરીજનોનાં ઘરઆંગણાથી સેકટરોના આંતરિક વિસ્તારો , મુખ્ય માર્ગો અને આડા ઉભા રસ્તાઓ અને સર્કલો તેમજ રાજભવન, વિધાનસભા તેમજ સચિવાલય સંકુલમાં પણ પર વૃક્ષો ઢળેલા જોવા મળ્યા હતા.જયારે શહેર આસપાસના વિસ્તારોમાં પણ સેંકડો વૃક્ષોનો સોથો વળી ગયો હતો. નગરના માર્ગો પર ટપોટપ વૃક્ષો પડતા નાગરિકોમાં પણ ભયની લાગણી વ્યાપી હતી. શહેરના ગ ,ક,ઘ અને ચ માર્ગ ઉપરાંત ઘ-૪ના સર્કલ નવા સચિવાલયના ગેટ નંબર -૧ પાસે પણ વૃક્ષ પડયુ હતુ. તેમજ સ્વર્ણિમ પાર્કની બાજુની ઝાડીમાં વૃક્ષો ઘરતીને ભેટયા હતા. નગરના આડા અને ઉભા માર્ગો પર ચાર રસ્તા પાસે પણ વૃક્ષો જમીન દોસ્ત થયા હતા. જો કે માર્ગ પર આડશ બનેલા વૃક્ષો દુર કરવા વન વિભાગની ટીમ યુધ્ધના ધોરણે કામે લાગી હતી. વરસાદી પવનમાં પથિકાક્ષમ રીક્ષા સ્ટેન્ડ પાસે સ્થિત વડનુ વૃક્ષ ધરાશાયી થયુ હતુ. જા કે મોટાભાગના લીમડાના વૃક્ષો યથાવત રહયા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. નગરમાં નિખરેલો વરસાદી વાયરો હરિયાળી માટે ખતરનાક પુરવાર થયો હતો.

વાહન વ્યવહાર ખોરવાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તાલુકામાં વૃક્ષો પડવાની મળી હતી. ગાંધીનગર જિલ્લાના કંટ્રોલરૂમમાં ૨૨ જેટલી ફરિયાદો વૃક્ષો પડવાની મળી હતી. તો દહેગામમાં ૨૦ થી વધુ ફરિયાદો વૃક્ષો ધરાશયી થવાની મળી હતી.

કલોલ તાલુકાના કાંઠા ગામે વિષ્ણુભાઈ નામના એક યુવકનું વીજ કરંટ લાગવાથી મોત નીપજ્યું હતું. ૩૫ વર્ષીય આ યુવકના મૃત્યુથી તાલુકામાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

માણસા શહેરના ઉમેદપુરા વિસ્તારમાં ત્રણ મકાનની દિવાલો ધસી પડતાં ત્રણ પશુઓના મોત નીપજ્યા હતા. આ સમાચારને લઈ પશુપાલકોમાં પણ શોકનો માહોલ જોવા મળતો હતો.

મળતા અહેવાલો પ્રમાણે આજે દહેગામ તાલુકામાં ખજૂરી તળાવ અને ડોંગલ તળાવડી વિસ્તારના પરાઓમાં પાણી ભરાઈ જતાં આ વિસ્તારમાં રહેતા ૧૫૦થી વધુ માણસોને સલામત સ્થળે પોલીસની ટીમ દ્વારા ખસેડવામાં આવ્યા હતા.

ઈન્ચાર્જ મામલતદાર વિરમભાઈ દેસાઈના જણાવ્યાનુસાર આ રહીસોને પ્રજાપતિની વાડી અને અન્ય એક ખાનગી સ્થળે સલામત રીતે લઈ આવવામાં આવ્યા છે. દહેગામમાં અત્યાર સુધીમાં ૪૫૦થી વધુ માણસોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે.

બીજી તરફ ગાંધીનગર-કોલવડા, કોલવડા-કલોલ અને રૂપાલ-રાંધેજા માર્ગ પર પડેલા વૃક્ષોને હટાવવા માટે વન વિભાગની છ ટીમો કામે લાગી હતી.

વરસાદ તેમજ પવનને લઈ વૃક્ષો સાથે વીજ થાંભલાઓ પડતા કલોલ તાલુકાના ૨૫ થી વધુ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. ગાંધીનગરના ૧૫ જેટલા ગામોમાં વીજપુરવઠો ખોરવાયો હતો. વીસથી વધુ થાંભલાઓ ધરાશયી થવાના અહેવાલો સાંપડ્યા છે.

જિલ્લામાં આજે સવારે ૮ વાગ્યા સુધીમાં સૌથી વધુ વરસાદ માણસા તાલુકામાં ૪૬૫ મી.મી., દહેગામમાં ૪૩૫ મી.મી., કલોલમાં ૩૪૪ મી.મી. અને ગાંધીનગરમાં ૩૩૫ મી.મી. વરસાદ નોંધાયો છે. જે સિઝનના સરેરાશ વરસાદના ૪૫ ટકા જેટલો થવા જાય છે.

ઉચ્ચકક્ષાની બેઠક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સચિવઓએ બચાવ-રાહત અને પરિસ્થિતીને પહોંચી વળવા હાથ ધરેલા ઉપાયો-પગલાંઓની વિગતે જાણકારી આપી હતી. તદઅનુસાર, બેઠકોમાં મુખ્યસચિએ જણાવ્યું કે, બનાસકાંઠામાં જ્યાં વરસાદ વધુ છે ત્યાં બચાવ-રાહત તથા માનવ સહાય માટે એન ડી આર એફની ૪ ટીમ કાર્યરત છે તે સાથે જ રાજય અનામત પોલીસ દળ એરઆરપીની બે ટુકડીઓ પણ આ કાર્યમાં જોડાઈ છે. કચ્છ જિલ્લામાં એન ડી આર એફની ૧ ટૂકડી અને બી એસ એફની બે ટૂકડીઓ તૈનાત રાખવામાં આવી છે. મુખ્યમંત્રીએ જે વિસ્તારોમાં માર્ગો-પૂલો-નાળાંઓને અસર પહોંચી છે ત્યાં માર્ગ-મકાન વિભાગ ત્વરાએ દુરસ્તીકાર્ય હાથ ધરી રાષ્ટ્રીય-રાજય-જિલ્લા ધોરીમાર્ગો વાહન આવગમન માટે યોગ્ય બનાવે તેમજ માર્ગો પર ભારે પવનને કારણે જે વૃક્ષોનું ટ્રિમીંગ અને ભયજનક વૃક્ષો દૂર કરવાનું પણ કામ ઉપાડે તે માટેનો પ્રબંધ કરવા સૂચનાઓ આપી હતી.

માર્ગ-મકાન વિભાગ જે સી બી પણ જરૂરિયાત મજબ ઉપયોગમાં લે તેમ તેમણે જણાવ્યું હતું. આ સંદર્ભમાં આરોગ્ય અધિક મુખ્યસચિવ ગાંધીનગરમાં ૧૦ મોબાઈલ ડિસ્પેન્સરી યુનિટ સ્ટેન્ડ બાય છે અને જરૂરિયાત મુજબ અસરગ્રસ્ત વિસ્તારોમાં રવાના કરાશે તેની વિગતો આપી હતી. મુખ્યમંત્રીએ વરસાદના પાણીના આવરાથી ડેમ ઓવરફલો થાય તેવા સંજોગોમાં નીચાણવાળા ગામોના લોકોનું સલામત સ્થળે સ્થળાંતર, કેનાલોમાં પાણી છોડવાની સ્થિતી વગેરેની પણ વિસ્તુત વિગતો મેળવી જરૂરી સૂચનો કર્યા હતા.